## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*મળતી નથી રજાઓ, શિસ્તની સોટીથી હાંકે છે!*
*માંગોની કાયદાની ખોટી પિસ્તોલ તાકે છે!*
*થાકે છે પોલીસ દિવસ-રાતના ‘બંદોબસ્ત’ થી -*
*તંત્ર, પોલીસને - પંપાળી - પૂચકારીને ઢાંકે છે!*

**હાઈકુ**

*રાખે સુરક્ષા -*
*સચવાય નેતાઓ -*
*લૂંટાય પ્રજા...*

*નિંભર થઈ*
*નેતાજી લે નિંદર -*
*દોડે પોલીસ!*

### ચિંતન

*રાજમૂલમિન્દ્રિયવિજયઃ ॥*

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**રાજયની સ્થિરતાનો એકમાત્ર આધાર છે ઈન્દ્રિયવિજય.**

**પોતાની ઈન્દ્રિયો પર પોતાનું આધિપત્ય જાળવી રાખનાર શાસકો પોતાના શાસનને સ્થિરતા બક્ષી શકે છે. ઈન્દ્રિય વિજયી વ્યવસ્થાથી જ શાસન દીર્ઘજીવી નીવડી શકે છે. રાજયના અધિકારીઓ વિષયલોલુપતા કે સ્વાર્થ પરાયણતા શાસનને નિર્બળ બનાવી મૂકે છે.**

**રાજયના ઉચ્ચ અધિકારીઓ જયારે પોતાનાં ખિસ્સાં ભરવા માંડે છે ત્યારે પ્રજામાં વિદ્રોહનો દાવાનળ પ્રગટે છે. એટલું જ નહીં, રાજયની આર્થિક વ્યવસ્થાને લૂણો લાગે છે. શાસનાધિકારીઓના કારણે કયારેક તો રાજયનું અસ્તિત્વ સુધ્ધાંયે જોખમાઈ શકે છે. આથી જ રાજયના પ્રત્યેક અધિકારીએ ઈન્દ્રિય વિજયી બનવું આવશ્યક છે.**

### સુવિચાર

- હર કિસી ઈન્સાન કો સ્વર્ગ કી ચાલી દી ગઈ હૈ ઔર આશ્ચર્ય યે હૈ કી ઉસી ચાબી સે નરક કે દરવાજે ભી ખુલતે હૈ - **ભાવિન પરીખ**
- સત્સંગ એટલે ‘આ જગત શું છે અને શું નથી’ એટલું સમજવું તે - **આપ્તસૂત્ર**
- તિરાડો ફક્ત જમીનમાં જ નથી પડતી સાહેબ, કયારેક કોઈ ખેડૂતનાં પગનાં તળિયા પણ જોજો - **ગુણવંત શાહ**
- પૈસો માણસને ખરીદી ગયો અને માણસ એ ભ્રમમાં જીવી રહ્યો છે કે, હું પૈસાથી બધું ખરીદું છું - **એસ. ભટ્ટાચાર્ય**
- જેટલા કનેકશન ઓછા, તેટલા કરંટ પણ ઓછા - **કાંતિ ભટ્ટ**
- જે માણસ સારા વિચાર અને સારા સંસ્કાર ને પકડી લે છે, પછી તેને હાથમાં માળા પકડવાની જરૂર પડતી નથી - **જીવનપાથેય**
- આજનું ઔષધ : સૂકાયેલા લીંબુની છાલનો પાઉડર બનાવી કોપરેલ મિક્સ કરી તે પેસ્ટ માઈગ્રેન માટે માથામાં માલીશ કરવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વેપારીને પરમેશ્વરની સુંદર મૂર્તિ બનાવડાવવાનો વિચાર આવ્યો. એણે એક સુંદર પથ્થર પસંદ કરી નગરના શ્રેષ્ઠ શિલ્પીને તરાશવા આપ્યો. શિલ્પીએ પથ્થર તરાશવા ઉત્તમ ઓજારો વડે ખૂબ પ્રયત્ન કર્યા. પણ પથ્થર તૂટ્યો નહીં. ઘણા પ્રયત્નો છતા પથ્થર તૂટી જ શક્યો ન હોવાથી એણે વેપારીને કહ્યું, ‘મારાથી પથ્થર તૂટતો જ નથી આપ બીજા શિલ્પી પાસે પ્રયત્ન કરી જોવો.’ બીજા શિલ્પીએ પથ્થર તરાશવાનું શરૂ કર્યું અને થોડા જ પ્રહારો કરતાં જ પથ્થર તૂટી ગયો. પહેલા શીલ્પીએ પથ્થર તોડવા માટે જે પ્રયાસો કરેલા એને કારણે એ પથ્થર નબળો પડી ગયો હતો. આથી બીજા શિલ્પીના થોડા પ્રયત્નોથી એ તૂટી ગયો. અને પરમાત્માની એક સુંદર મૂર્તિ તૈયાર થઈ ગઈ. વેપારીએ મનોમન વિચાર્યું કે પહેલા શિલ્પીએ નવ્વાણું ટકા મહેનત કરી ને પછી થાકી-હારી ગયો થોડી ધીરજ રાખી એણે એક દિવસ કદાચ વધુ કોશિશ કરી હોત તો એ પણ મૂર્તિ બનાવવામાં સફળ રહ્યો હોત. સાર એ કે ઘણા લોકોને એવું લાગે છે કે અથાગ પ્રયત્નો પછી પણ સફળતા મળતી નથી. વાસ્તવમાં છેવટના પ્રયાસ સુધી પ્રયાસ પહોંચતા પહેલા એ નિરાશ થઈ અટકી ગયા હોય છે. સતત કોશિશ કરતાં રહેવું બની શકે એ આગળનો વધુ એક પ્રયાસ જ સફળતા અપાવી દે.

# નવી શિક્ષણનીતિ નવી દિશા પ્રગટાવશે

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન શિક્ષણક્ષેત્રે એટલી બધી અંધાંધૂંધી ફેલાઈ ગઈ છે કે નથી એમાં ભણનારને આનંદ આવતો કે નથી ભણાવનારને સંતોષ થયો. વાલીઓની જે કફોડી હાલત થઈ છે એનો તો કોઈ હિસાબ જ નથી. વૈશ્વિક સ્તરે પોતાના કુમળા બાળકનું ભવિષ્ય કંડારવા માતાપિતા લાચાર બનીને એનું બાળપણ જ ખૂંચવી લે છે. ‘ભાર વિનાનું’ કહેવાતું ભણતર કુમળા બાળકની કેડ ભાંગી નાખે એટલું ભારેખર બની ગયું છે. નવી શિક્ષણનીતિમાં ઊડીને આંખે વળગે એવી બાબત છે. ધોરણ પાંચ સુધી માતૃભાષા કે સ્થાનિક ભાષામાં જ અભ્યાસ. માતૃભાષાને વખારે નાખીને આપણો સમાજ અંગ્રેજીના ચાળે ચડ્યો છે, એને નવી શિક્ષણ નીતિના ઘડવૈયાઓએ જબરી લપડાક લગાવી છે. બાળકોને રેસના ઘોડાની જેમ ફક્ત કારકિર્દીની હરિફાઈ માટે જ ઉછેરવાનાં હોય એવી ક્રૂર માનસિકતાથી સાચા શિક્ષણવિદો ઘણા વ્યથિત હતા. એમનો અવાજ આ નવી શિક્ષણનીતિમાં પડઘાયો છે. બાળકનું બાળપણ ન ખૂંચવાઈ જાય અનેએ રમતું કૂદતું સહજ રીતે જ ભણતું થઈ જાય એ માટે એને ઘરમાં બોલાતી ભાષામાં જ ભણાવવું જોઈએ. આ મનોવૈજ્ઞાનિક અભિગમને ધરાર હાંસિયે ધકેલી પોતાનું બાળક જન્મતાંની સાથે જ ચપોચપ વિદેશી ભાષા શીખતું થઈ જાય અને એમાં જ દીક્ષિત થઈ ભવિષ્યમાં ઊંચી કારકિર્દી બનાવે એવું વલણ અત્ર તત્ર સર્વત્ર દષ્ટિગોચર થઈ રહ્યું છે તેવા સમયે ‘સ્વદેશી’ અને ‘આત્મનિર્ભર’ અભિગમના પ્રણેતાને આવો ક્રાંતિકારી ફેરફાર કરવાનું સૂઝ્યું તે કાબિલેદાદ ગણાય. બીજી મહત્ત્વની બાબત છે.

વંચિતો માટે ટુકડે ટુકડે ભણવાની, જરૂર પડ્યે એક વિદ્યાશાખામાંથી બીજી વિદ્યાશાખામાં જઈ શકવાની અને એક સાથે વધુ અભ્યાસક્રમો લઈ શકવાની સુવિધા. વળી ઈજનેરી જેવી શાખામાં એક જ વર્ષ કરીને ઊઠી જાય તો પણ એને સર્ટિફિકેટ કોર્સ ગણવો, બીજા વર્ષ પછી ડિપ્લોમા અને ત્રીજા વર્ષે ડિગ્રી. દેશભરમાં બધી જ યુનિવર્સિટીઓ એક સંસ્થા હસ્તક, અને અભ્યાસક્રમ પણ સમાન. શૈક્ષણિક સંસ્થાઓને સ્વાયત્તતા. આ બધું અને એથી પણ વધુ છઠ્ઠા ધોરણથી જ વોકેશનલ કોર્સ, ગોખણપટ્ટીથી બોર્ડમાં વધુ ટકાવારી લાવી દેનાર કરતાં ‘સ્કીલ’, રોજગાર માટેની અને વ્યવસાયિક પ્રકારની, એને જ અગ્રતા. આ તમામ બાબતો ક્રાંતિકારી પરિવર્તન સૂચવે છે. વિજ્ઞાન અને ગણિત સાથે જ ભાષા - માનવવિજ્ઞાનને મળતું મહત્ત્વ જે છેલ્લાં વર્ષોમાં સાવ જ હાંસિયે ધકેલાઈ ગયું છે, એનો પણ પુનરોદ્ધાર. નવી શિક્ષણનીતિના ૫ + ૩ + ૩ + ૪ વાળા ખંડો હાલના બીબાઢાળ બે બોર્ડ પરીક્ષાવાળી શિક્ષણ પદ્ધતિ કરતાં વધુ અનુકૂળ રહે એવી આશા જરૂર રાખી શકાય. અગાઉ અગિયારમા ધોરણ પછી બોર્ડની પરીક્ષા લેવાતી એને ઠેકાણે ૧૦ અને ૧૨ (૧૦ + ૧૨) વાળી પદ્ધતિ આવતાં વિદ્યાર્થી ઉપર બેવડો બોજો લદાયો હતો. આ તમામ બાબતોને આવકારદાયક ગણીએ, વીસરાઈ ગીર્વાણ ભારતી - સંસ્કૃત ભાષા ભણાવવા એ તો ઘણં જ આવકારદાયક ગણાશે પરંતુ ઘણા બધાને જે ધાસ્તી છે તે ‘શિક્ષણનું ભગવાકરણ’ન થઈ જાય તે પણ એટલું જ જરૂરી છે. ઈતિહાસની ક્ષતિઓ જરૂર દૂર કરવી ઘટે પણ પૂર્વગ્રહયુક્ત ઈતિહાસ લખાવી કુમળા બાળમાનસમાં સાંપ્રદાયિક કે પ્રાદેશિક ઝનૂન ન ભરી દેવાય તે જોવું પડશે. આખરે આપણા બાળકો ‘વિશ્વ નાગરિક’ બનવાનું છે, માત્ર ભારતની સરહદો કે સંસ્કૃતિમાં એને કેદ કરી દેવો પણ યોગ્ય નહીં લેખાય. ટેકનોલોજીને પ્રાદેષિક ભાષામાં અવતારી એને સજ્જ કરીએ તે આવદારદાયક છે પરંતુ એનામાં પ્રાદેશિક સંકુચિતતા ન આવી જાય તે પણ જોવું પડશે. આપણી નવી પેઢી દેશપ્રેમી અને ભાષાપ્રેમી જરૂર બનવી જોઈએ પરંતુ અંગ્રેજી દ્વેષી કે સાંપ્રદાયિકતાગ્રસિત ન બની જાય તે જરૂરી છે. એકંદરે નવી શિક્ષણનીતિ ભારતીય સંસ્કૃતિનો પુરસ્કાર કરતી આધુનિક શિક્ષણપદ્ધતિ બની રહે એવી અપેક્ષા અસ્થાને નથી.

# શ્રાવણી પૂનમ : ક્ષમા યાચનાનો દિવસ



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

શ્રાવણી પૂનમનું મહત્ત્વ બીજી રીતે પણ છે; એનો અહીં નિર્દેશ છે :

શ્રી રામે વનમાં પ્રસ્થાન કર્યું; એના પાંચ દિવસ થયા હતા. રાત્રે રાજા દશરથને નિંદર આવતી ન હતી. એ રાણી કૌશલ્યા પાસે આવ્યા. એને ઉઠાડી, પોતાના ભૂતકાળનો એક માર્મિક પ્રસંગ કહેવા લાગ્યા :



‘આપણા લગ્ન થયા ન હતા. હું યુવાન હતો. શ્રાવણ માસની પૂનમ હતી. રાત અજવાળી ન હતી, મેઘ છાયી હતી. અંધારી હતી. મને શિકારમાં જવાની ઈચ્છા થઈ. મારે શબ્દવેધી બાણ ચલાવવું હતું. લક્ષ્ય અપ્રગટ હોય, માત્ર એના અવાજનો આધારે લક્ષ્યવેધ કરવાનો.’

હું એકલો સરયૂ નદીને કિનારે ગાઢ અરણ્યમાં ગયો. એક વૃક્ષની ઓથે ઊભો રહ્યો. એવામાં પાણીમાં બુડ બુડાટ થયો. મેં અનુમાન કર્યું - ‘હાથી પાણીમાં ઉતર્યો છે પોતાની સૂંઢથી પાણીને ખેંચી રહ્યો છે.’ મેં ઝેર પાયેલું બાણ ધનુષ્ય પરથી છોડ્યું. મને એમ કે હાથીની ચીંઘાડ સંભળાશે; એને બદલે માણસનો ચિત્કાર સંભળાયો ! મને ધ્રાસ્કો થયો. હું ગભરાય સાથે તરત જ લક્ષ્ય તરફ ધસી ગયો.

નદી કિનારે એક તેજસ્વી અને તપસ્વી યુવક પડ્યો હતો. એને છાતીમાં બાણ વાગ્યું હતું. યુવક મને ઓળખી ગયો. મને પૂછ્યું - ‘રાજન, મારો અપરાધ શો હતો? હું શ્રવણકુમાર છું. મારા અંધ માતાપિતા માટે પાણી લેવા આવ્યો હતો.’ મેં હાથ જોડીને, કરગરીને માફી માંગી. સ્પષ્ટતા કરી. ‘ઘડો પાણીમાં ડૂબ્યો હશે, એનો અવાજ હાથી જેવો હતો. એટલે મેં શબ્દ વેધી બાણ ચલાવ્યું. અજાણતાં, મારાથી અતિગંભીર અપરાધ થયો છે મને માફ કર. તારે જે સજા કરવી હોય તે કર.’ મારા હાથ જોડેલા હતા.

શ્રવણે કહ્યું, ‘રાજન, તમે એક બાણથી ત્રણ દેહ પાડ્યા છે. એ લોકો હવે નહી જીવે. એ ઋષિદંપતિને તરસ લાગી છે. આ ઘડો એમને પહોંચાડો. એ પહેલાં મારી છાતીમાંથી બાણ ખેંચી લો.’ મેં બાણ ખેંચ્યું. એ સાથે શ્રવણે પ્રાણ છોડ્યા.

હું ઘડો લઈને ગયો. પર્ણકુટિની બહાર કાવડ હતી. મેં ઋષિ દંપતિને પ્રણામ કર્યા. બનેલી હકીકત કહી દીધી. ભરપૂર પસ્તાવા સાથે માફી માગી. બંનેને શ્રવણ પાસે લઈ આવ્યો. શ્રવણના પિતાએ કહ્યું, ‘હું શાપ આપું, તો તારા મસ્તકના ટૂકડા થઈ જાય અને તું નિર્વંશ થઈ જા. પણ તું સાચું બોલ્યો છો, તારો પસ્તાવો સાચો છે. તો પણ એટલું થશે. અમે જે રીતે પુત્રના વિરહમાં પ્રાણ છોડીએ છીએ, એ રીતે તારા પ્રાણ પણ પુત્રવિરહમાં જશે.’ શ્રવણને કહ્યું, ‘યાત્રામાં તું સાથે હતો. અંતિમયાત્રામાં અમે તારી સાથે છીએ.’ ઋષિ દંપત્તિએ પ્રાણ ત્યાગ કર્યો.

દશરથે પ્રસંગ પૂરો કર્યો. કૌશલ્યાના હાથમાં પોતાનો હાથ મૂક્યો. એની ઈન્દ્રિયો નિસ્તેજ અને અચેત થવા લાગી. શ્રવણ પિતાનો શાપ ફળીભૂત થયો. દશરથનું અવસાન થયું.

શ્રવણવધનો પ્રસંગ શ્રાવણ માસની પૂનમે બન્યો હતો. દશરથે પસ્તાવા સાથે હૃદયપૂર્વની માફી માગી હતી. શ્રવણે એને કોઈ સજા કરી નહિ, માફી આપી.

ત્યારથી શ્રાવણીપૂનમના દિવસનું આ મહત્ત્વ સ્થાપિત થયું. સમગ્ર વર્ષ દરમિયાન જે કાંઈ દુષ્કર્મો થયા હોય, જાણે કે અજાણે, શ્રવણની પ્રતિકૃતિ પાસે ક્ષમાયાચના કરી લેવાની. આ દિવસ શ્રવણપાસેની ક્ષમાયાચનાનો છે.

# ભારતના કયા રાજયની સમુદ્ર સીમા સૌથી ઓછી છે ?



**ખજાનો**

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ શિવ સમુદ્ર દ્વીપ કઈ નદી પર છે ?
(અ) કૃષ્ણા (બ) કાવેરી
(ક) ગોદાવરી (ડ) ભીમા

૨ સિંધુ નદીની સૌથી મોટી સહાયક નદી કઈ છે?
(અ) સતલજ (બ) ચેનાબ
(ક) બિયાસ (ડ) રાવી

૩ ધારીવાલ અને લુધીયાણા શા માટે જાણીતા છે ?
(અ) સુતરાઉ કાપડ (બ) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ
(ક) મશીનરી (ડ) ગરમ કપડાં

૪ કયું રાજય દક્ષિણનું કાશ્મીર ગણાય છે?
(અ) આંધ્ર (બ) તમિલનાડુ
(ક) કેરાલા (ડ) કર્ણાટકા

૫ બોમડિલા ઘાટ કયા રાજયમાં આવેલો છે ?
(અ) મણીપુર (બ) મેઘાલય
(ક) નાગાલેન્ડ (ડ) અરુણાચલપ્રદેશ

૬ ભારતના કયા રાજયની સમુદ્ર સીમા સૌથી ઓછી છે ?
(અ) ગોવા (બ) મહારાષ્ટ્ર
(ક) કર્ણાટકા (ડ) કેરાલા

૭ રાજસ્થાનની ઈન્દિરા નહેર કયાંથી નીકળે છે ?
(અ) ચંબલ નદી (બ) સતલજ નદી
(ક) કાલી સિંધ (ડ) લૂણી

૮ કેવલ દેવ ધાના પક્ષી અભ્યારણ્ય કયા રાજયમાં આવેલું છે?
(અ) હરિયાણા (બ) પંજાબ
(ક) રાજસ્થાન (ડ) સિક્કિમ

૯ ભારતના કયા રાજયની સરહદ ચીન, નેપાળ અને ભૂતાનને સ્પર્શે છે?
(અ) બિહાર (બ) અરુણાચલપ્રદેશ
(ક) મણીપુર (ડ) સિક્કિમ

૧૦ કઈ નદી આસામ અને અરુણાચલ પ્રદેશ વચ્ચે સીમા બનાવે છે ?
(અ) સંકોશ (બ) બ્રહ્મપુત્રા
(ક) બરાક (ડ) માનસ

૧૧ બેંબનાદ સરોવર કયા રાજયમાં આવેલ છે ?
(અ) તમિલનાડુ (બ) કર્ણાટક
(ક) ગોવા (ડ) કેરળ

૧૨ ચુલિયા જળધોધ કઈ નદી પર આવેલ છે ?
(અ) ચંબલ (બ) તાપી
(ક) બેતવા (ડ) દિહાંગ નદી

૧૩ અખબારી કાગળ માટે જાણીતું નેપાનગર કયા રાજયમાં આવેલ છે ?
(અ) રાજસ્થાન (બ) મધ્યપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

૧૪ કોલ જનજાતિના લોકો કયા રાજયમાં રહે છે ?
(અ) આંધ્રપ્રદેશ (બ) બંગાળ
(ક) ઓડિશા (ડ) ઝારખંડ

૧૫ તુતીકોરિન બંદર કયા રાજયમાં આવેલ છે?
(અ) કેરળ (બ) તમિલનાડુ
(ક) કર્ણાટક (ડ) આંધ્રપ્રદેશ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧ ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન દિવસ**
- નીડર સત્યાગ્રહી શ્રીમતી કમલા નહેરુનો જન્મદિવસ (૧૮૯૯)
- કલાયુગના પ્રવર્તક રવિશંકર રાવળનો જન્મદિવસ (૧૮૯૨)
- મીરાકુમારીનો જન્મદિવસ (૧૯૩૨)
- ક્રિકેટર યજુવેન્દ્રસિંહનો જન્મદિવસ (૧૯૫૨)
- **૨ ઓગસ્ટ : દાદરા અને નગર હવેલી મુક્તિ દિવસ**
- ટેલીફોનના શોધક ગ્રેહામબેલનું નિધન (૧૯૨૨)
- ભારતના રસાયણશાસ્ત્રી ડૉ. પ્રફુલચંદ્ર રોયનો જન્મદિવસ (૧૮૪૭)
- લંડનમાં વિશ્વની પ્રથમ અંડરગ્રાઉન્ડ રેલવેની શરુઆત (૧૮૭૦)
- બ્રિટનની સંસદે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી ભારતનો વહીવટ સંભાળવાનું વિધેયક પસાર કર્યું (૧૮૫૮)
- ભારતીય ત્રિરંગાના ડીઝાઈનર પિંગળી વૈકેયાનો જન્મદિવસ (૧૮૭૬)
- **૩ ઓગસ્ટ :**
- વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક સર રિચર્ડ આર્ક રાઈટ્સનું નિધન (૧૭૯૨)
- બ્રિટીશ સૈન્યે ગ્વાલિયરના કિલ્લા પર કબ્જો મેળવ્યો (૧૭૮૦)
- ધૂરંધર શાયર શકીલ બદાયૂનીનો જન્મદિવસ (૧૯૧૬)
- રાષ્ટ્ર કવિ મૈથિલીનિધન ગુપ્તનો જન્મદિવસ (૧૮૮૬)
- **૪ ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય મૈત્રી દિવસ**
- મુંબઈના બેતાઝ બાદશાહ ગણાતા સર ફિરોજ શાહનો જન્મદિવસ (૧૮૪૫)
- હિન્દી સિનેનાના પાશ્વ ગાયક કિશોરકુમારનો જન્મદિવસ (૧૯૨૯)
- ભારતના પ્રથમ પરમાણુ સંશોધન રિએકટર ‘અપ્સરા’નું લોકાર્પણ થયું (૧૯૫૬)
- અવકાશ યાત્રી નીલ આર્મસ્ટ્રોંગનો જન્મદિવસ (૧૯૩૦)
- **૫ ઓગસ્ટ :**
- પરમાણુ પરીક્ષણ પર પ્રતિબંધ મુકવા રશિયા-અમેરિકા-બ્રિટને સર્વસંમતિ બાદ કરાર કર્યા (૧૯૬૩)
- ખુબસુરત અમેરિકન અભિનેત્રી મેરલીન મનરોનું નિધન (૧૯૩૨)
- લીલી શેઠ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા (૧૯૯૧)
- સંદેશા વ્યવહારમાં દુનિયાનો અજબપતિ લોર્ડ ટોમસનની પુણ્યતિથિ (૧૯૭૬)
- **૬ ઓગસ્ટ : હિરોશીમા દિવસ / વિશ્વ શાંતિ દિવસ**
- રાષ્ટ્રીયના પ્રબળ પ્રચારક અને આજીવન દેશસેવાના ભેખધારી સુરેન્દ્રનાથ બેનર્જીનું નિધન (૧૯૨૫)
- અમેરિકાએ જાપાનના હિરોશીમા શહેર પર પરમાણું બોમ્બ ફેંક્યો (૧૯૪૫)
- ભારતના મહાન પુરાતત્વવિદ રાજા રાજેન્દ્રલાલ મિત્રની પુણ્યતિથિ (૧૮૯૧)
- સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાનો જન્મદિવસ (૧૯૩૯)
- **૭ ઓગસ્ટ :**
- ભારતીય ચિત્રકલાની પુનઃ પ્રતિષ્ઠા સ્થાપિત કરનાર અવનીન્દ્ર નાથ ટાગોરનો જન્મદિવસ (૧૮૭૧)
- નિબંધકાર ભોલાભાઈ પટેલનો જન્મદિવસ (૧૯૩૪)
- ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરનું નિધન (૧૯૪૧)
- ગીત શેઠી વિશ્વ એમેચ્યોર બિલીયર્ડ ચેમ્પિયનશીપ જીતનાર ભારતના ત્રીજા ખેલાડી બન્યા (૧૯૮૫)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**હાલમાં આકાશમાં વાયવ્ય દિશામાં કયો ધૂમકેતુ (પૂંછડીયો તારો) જોવા મળે છે? જવાબ : નિયોવાઈસ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) મીત પટેલ : સે-૨૩ (૨) રુચિત પટેલ : રાંદેસણ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) પૂનમભાઈ મિસ્ત્રી : રાંધેજા (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ભારતીય વાયુસેનામાં સામેલ થયેલા રાફેલ વિમાનો બનાવનાર કંપનીનું નામ શું?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ‘કોરોના’ ને ‘કેળા’ની નહીં, હાલ દારૂ ને જુગારની સીઝન ચાલે છે

●●●

## કોઈકને કોરોનાએ ફાયદો ય કરાવ્યો !



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

‘હવે તો યાર, હદ થઈ ગઈ !!’ કોવિડ-૧૯ સંદર્ભેની સરકારની ગાઈલડાન્સ પ્રમાણે મોં ઉપર ‘માસ્ક’ ચઢાવી, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા એકબીજાથી ‘દો ગજ કી દૂરી’ રાખીને ચોકઠા પરિષદમાં બેઠેલા પૈકી એકે બળાપો કાઢ્યો.

‘સાચી વાત છે... હવે તો આંટા આવી રહ્યા છે, ભાઈ ! ના કયાંક બહાર જવાય... ના ચાની લારીએ ડાયરો જમાવીને ગામગપાટાં મરાય... કંટાળી ગયા, હોં !’ બીજું ‘માસ્ક’ બોલ્યું...

‘શેની હદ થાય છે, હેં ?’

‘માસ્ક’ પાછળ મોં છુપાવીને બેઠેલા સુરેશભાઈનો શિક્ષકજીવ ‘કલાસ’ માં વિદ્યાર્થીને કહેતા હોય એ સ્ટાઈલથી બોલી ઊઠ્યો : ‘આ તો હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે... આપણે કુદરતને ચેલેન્જ કરવામાં હદ વટાવી રહ્યા હતા એટલે ભગવાને આપણને આપણી મર્યાદા બતાવી દીધી...’

‘માસ્તર, તું અત્યારે પીરિયડ લેવાનું બંધ કર...’ સુરેશભાઈને વચ્ચે જ અટકાવતાં અકળાયેલા પંચાલભાઈ તાડૂકયા : ‘અમારે તારું ભાષણ નથી સાંભળવું.’

પાન-ગુટખા વિના હમણાં પંચાલની ‘તપેલી’ તપેલી રહે છે... પાન-ગુટખા તો મળી રહે છે પણ મોં પર ‘માસ્ક’ ના કારણે વારંવાર એ હટાવી પિચકારી મારવામાં મુશ્કેલી પડતી હોવાથી અને બે-ચાર વાર ‘માસ્ક’ ધારણ કર્યુ છે એ ભૂલી જઈ, આદતવશ પિચકારી મારતાં મોં બરાબર ચિતરાઈ ગયું ત્યારથી એમના કડક શ્રીમતીજીએ વધુ કડક શબ્દોમાં ધમકાવેલા... એટલે પંચાલભાઈ ‘ટેમ્પરરી’ પાન-ગુટખા બંધ કરવા પડ્યા હોવાથી, એના વગર એ અકળાયેલા ને ઉકળેલા જ રહ્યા કરે છે...

‘અહીં બધા કંટાળી ગયા છીએ એની વાત કરીએ છીએ ને તમે માસ્તર ફિલસુફી ઝાડો છો...’

‘અરે પણ...’ સુરેશભાઈએ પંચાલભાઈની વાતનો વિરોધ કર્યો ત્યાં ‘શાંતિ... શાંતિ’ કહી ચોકઠા પરિષદના કાયમી બની બેઠેલા પ્રમુખ લાલાકાકાએ બંનેને ચૂપ કર્યા....

લાંબા ગાળાના ‘લોકડાઉન’ પછી ‘અનલોક’ આવતાં ચોકઠા પરિષદ ચાલુ કરવાની રેડ અંકલને ફરમાઈશો થવા લાગેલી. શરુઆતમાં તો કોરોનાના ભલે અંકલે ધ્યાન ન આપ્યું પણ બધા ફોન ઉપર લાંબી લાંબી વાતો કરી જીવ ખાવા લાગ્યા ને કેટલાકે તો રૂબરૂ નહીં તો ‘ઓનલાઈન’ મળવાનું સૂચવ્યું. એટલે ના છૂટકે રેડ અંકલે, સલામતીનાં સઘળાં માપદંડોના ચુસ્ત અમલની શરતે બેઠકો શરૂ કરેલી.

આવી બેઠકની એક સાંજે આ તડાફડી ચાલી એટલે વિષય બદલવા લાલાકાકાએ રમૂજ કરી : ‘અલ્યા ભઈ પહેલા ‘લાઈન’ને ‘આઉટ લાઈન’ બે શબ્દો હતા.... હવે ‘ઓનલાઈન’ ને ‘ઓફ લાઈન’ આવ્યા છે. પહેલા ‘નાર’ એટલે નારી-સ્ત્રી ને ‘સેમીનાર’ એટલે અર્ધ પુરુષ- અર્ધ સ્ત્રી બે શબ્દો જાણતા હતા. એમાં આ નવી નાર ‘વેબીનાર’ આવી, બોલો...

અંકલની મજાક પર સૌ હસી પડ્યા એટલે રંગમાં આવી લાલાકાકાએ આગળ ચલાવ્યું : હાલ શેની સીઝન ચાલે છે, બોલો ?’

‘કોરોનાની ને કેળાંની...’ અમે ઉત્તર આપ્યો.

‘ખોટું... અત્યારે છે ને દારૂ અને જુગારની સિઝન ચાલે છે... પેપરમાં વાંચતા નથી ? સાદી બસ - લકઝરી બસ, કાર, રીક્ષા, બાઈક બધે દારૂ જ દારૂ - જમાદાર - પોલીસ વાળાથી લઈ પટાવાળા જુગારના અડ્ડા ચલાવે છે... કદાચ ‘આત્મનિર્ભર’ બનવાના પ્રયાસો હશે.’

અંકલની આ વાત પર પણ સૌ હસ્યા...ત્યાં રેડ અંકલે વળી ધડાકો કર્યો : ‘આપણે બધા કોરોનાથી કંટાળ્યા છીએ પણ કોકને કોરોના ફળ્યો છે એ જાણો છો ?’

‘શું ?’ કોરોના ફળ્યો ? બાકીના બધા ‘માસ્ક’ પાછળથી આશ્વાસન સભર પ્રશ્નો ધસી આવ્યા...

‘હા...’ લાલાકાકાએ કહ્યું : ‘પૂછો આ દરજીને ! એણે કોરોનાનો લાભ લઈ, દીકરાના લગ્ન સાદાઈથી પતાવી દઈ, ઢગલો રૂપિયા બચાવી લીધા... તે કોરોના એને ફળ્યો જ કહેવાય કે નહીં?’

‘તે મારે તો દીકરાનાં લગન ધામધૂમથી કરવા હતા પણ એ માટે છ-બાર મહિના - કોરોના જાય નહીં ત્યાં સુધી રાહ જોવી પડે એમ હતી ને છોકરાને એકદમ પૈણ ઉપડ્યું હતું.... પછી શું થાય !’ દરજી ભાઈએ, કાકાએ વેતરેલું સીવવા પ્રયત્ન કર્યો...

એમાં કશું ખોટું નથી કર્યું દરજીભાઈ... લગ્ન ને બીજા સામાજિક પ્રસંગો પાછળ દેખાદેખી થતા ખોટા ખર્ચની પ્રથા હવે આપણે સમજીને ત્યજવી જ પડશે આપણે...’ પાછો સુરેશભાઈનો શિક્ષક જીવ બોલી ઉઠ્યો...

‘માસ્તર, પાછું તે...’ ઉકળેલા પંચાલ તૂટી પડવા જતા હતા ત્યાં પ્રમુખશ્રી રેડઅંકલે ‘પોલીસ’ કહ્યું ને ભેગા થવાના ગુનાથી બચવા બધા ફટાફટ વિખરાઈ ગયા...